જમીન બિલ પર ૫૬ ઈંચની છાતી ૫.૬ ઈંચની થઈ જશે : રાહુલ

જયપુર,તા.૧૭

રાજસ્થાનના બે દિવસના પ્રવાસ પર પહોંચેલા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે જયપુરમાં કહ્યું હતું કે, જમીન બિલ ઉપર સંસદમાં ૫૬ ઈંચની છાતી ૫.૬ ઈંચમાં ફેરવાઈ જશે. કોંગ્રેસના કાર્યકરોની બેઠકને સંબોધતા રાહુલે જમીન અધિગ્રહણ બિલ અને અન્ય મુદ્દાઓને લઈને કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, જમીન અધિગ્રહણ બિલને સંસદમાં પસાર કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. એક પણ ઈંચ જમીન આપવામાં આવશે નહીં. ૫૬ ઈંચની છાતી ૫.૬ ઈંચની રહી જશે. તેમણે કહ્યું હતું કે, આ રાહુલનો બલ્કે ભારતના લોકોનો અવાજ છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કહ્યું હતું. લગાન ફિલ્મ તેઓ ખુબ પસંદ કરી ચુક્યા છે. આ ફિલ્મમાં ખેડૂત એક સાથે મળીને અંગ્રેજો સામે લડત ચલાવી રહ્યા હતા અને ટેક્સને પરત ખેંચવા લડત લડી રહ્યા હતા. આખરે ખેડૂતોની જીત થાય છે. ફિલ્મમાં પણ અને વાસ્તવિક જીવનમાં પણ ખેડૂતોની જીત થશે.

મોદી પર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, મોદી જે કહે છે તે તમામ લોકોને સાંભળવાની ફરજ પડે છે. મંત્રી માત્ર દેખાવાના છે. તેઓ પોતે જ મંત્રી છે અને બાકી કથપુતળી તરીકે છે. કોંગ્રેસમાં તમામનો અવાજ સાંભળવામાં આવતો હતો. તમામને તક આપવામાં આવતી હતી. કોંગ્રેસ આ દેશની તાકાત છે. રાહુલે વસુંધરા ઉપર પણ પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, આજે રાજસ્થાન સરકાર લંડનથી રિમોટ કન્ટ્રોલ મારફતે ચાલી રહી છે. લંડનથી સ્વીચ દબાવવામાં આવ્યા બાદ અહીં કામ થાય છે. આ રાજસ્થાનમાં વસુંધરા રાજેની નહીં બલ્કે લલિત મોદીની સરકાર છે. તેઓ બિઝનેસ પાર્ટનર છે. મુખ્યમંત્રી હસ્તાક્ષર કરીને કહે છે કે, તેઓ એક ફરારની મદદ કરવા ઈચ્છે છે. માત્ર ભારતના લોકોને આની માહિતી મળવી જોઈએ નહીં.

વસુંધરાએ દેશના કાયદાઓનો ભંગ કર્યો છે. એક ફરાર આરોપીની મદદ કરી છે. લલિત મોદીને લઈને રાહુલે મોદી ઉપર પણ પ્રહારો કર્યા હતા. અશોક ગહેલોત સરકારે તમામને મફતમાં દવા આપી હતી પરંતુ નવી સરકાર હોસ્પિટલો બંધ કરી રહી છે. સિનિયર મોદી એટલે કે વડાપ્રધાન શાંત કેમ છે. લલિત મોદીને પરત લાવવાની માંગ કરવામાં આવી હતી. આ સરકારને દૂર કરવા અને લોકોની સરકારને લાવવાની માંગ કરી હતી. રાહુલ ગાંધીએ રાજસ્થાનમાં પહેરવામાં આવતી પાઘડીની વાત કરી હતી અને કહ્યું હતું કે, તેઓને આ અંગે માહિતી ન હતી કે, લોકો પાઘડી કેમ પહેરે છે પરંતુ રાજસ્થાનમાં ૧૦ કિલોમીટર ચાલ્યા બાદ તેમને તેના મહત્વની જાણકારી મળી છે. ગરમ વિસ્તારોમાં તેની ખુબ જરૂર છે. રાજસ્થાનને અશોક ગહેલોત અને સચિન પાયલોટની જરૂર છે. ગહેલોત અનુભવી છે જ્યારે સચિન પાયલોટ પાસે જોશ છે. કોંગ્રેસને અનુભવ અને જોશ બંનેની જરૂર છે. રાહુલે કહ્યું હતું કે ખેડૂતોને લઈને વડાપ્રધાન હવે ચિંતિત કેમ બન્યા. કારણ કે તેઓ વડાપ્રધાન બની ચુક્યા છે. ઘણા વચન આપવામાં આવ્યા હતા તે પાળવામાં આવ્યા નથી. રાહુલગાંધીએ રાજસ્થાનમાં પદયાત્રા યોજી હતી જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ જોડાયા હતા.

ક્રેડિટ કાર્ડ ધારકો માટે કેટલીક નવી સૂચનાઓ

ક્રેડિટ કાર્ડ બિલિંગના નિયમો રિઝર્વ બેંકે વધારે કઠોર કર્યા

નવીદિલ્હી,તા. ૧૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં રિઝર્વ બેંકે ક્રેડિટ કાર્ડના બિલના નિયમોને વધુ કઠોર કરીને ક્રેડિટ કાર્ડ ધારકોને મોટી રાહત આપી દીધી છે. આરબીઆઈએ બેંકોને આદેશ કર્યો છે કે, તેઓ ક્રેડિટ કાર્ડ યુઝર્સ પર મોડેથી ચુકવણી કરવા માટે એજ વખતે દંડ ફટકારે જ્યારે ક્રેડિટ સૂચના કંપનીઓને રજૂ કરવામાં આવે. ચુકવણી ત્રણ દિવસથી પણ વધારે સમયથી બાકી રહેવાની સ્થિતિમાં આ પગલા લેવા કહેવામાં આવ્યું છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, બેંક કોઈપણ ક્રેડિટ કાર્ડને એ

સ્થિતિમાં બિનઉપયોગી બનાવી શકે છે જ્યારે લઘુત્તમ બાકી રકમની ચુકવણી, ચુકવણીની તારીખથી ૯૦ દિવસ પહેલા કરવામાં ન આવી હોય, લોનમાં શિસ્ત માટે ક્રેડિટ કાર્ડ જારી કરનારને પણ કેટલીક સૂચના આપવામાં આવી છે. રિઝર્વ બેંકનું કહેવું એમ પણ છે કે, કોઈપણ ક્રેડિટ કાર્ડ ખાતાની અગાઉની બાકી રકમની સ્થિતિની ગણતરી માસિક ક્રેડિટ કાર્ડ માહિતીમાં લેખિત ચુકવણીની તારીખથી કરવામાં આવે તેવી સૂચના પણ આપી છે. રિઝર્વ બેંકના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, બેંકોના મામલામાં ક્રેડિટ કાર્ડ ખાતાને એજ વખતે એનપીએ માનવામાં આવશે જ્યારે માહિતીનો ઉલ્લેખ કરાયેલી લઘુત્તમ બાકી રકમની પુરતી ચુકવણી કરવામાં આવી ન હોય અથવા તો ચુકવણીની તારીખના ૯૦ દિવસની અંદર ચુકવણી કરવામાં ન આવી હોય. રિઝર્વ બેંકનું કહેવું છે કે, ક્રેડિટ કાર્ડ ખાતામાં ખર્ચ કરવામાં આવેલી રકમ બિલ તરીકે ગ્રાહકોને માસિક સ્ટેટમેન્ટ મારફતે મોકલવામાં આવશે અને તેમાં ચુવકણીની તારીખનો પણ ઉલ્લેખ કરવામાં આવશે જેને લઈને ગ્રાહકોને વધારે જાણકારી મળશે. ક્રેડિટ કાર્ડ ધારકો માટે નિયમોને વધુ કઠોર કરાયા છે.

ડોગરા શતાબ્દી કાર્યક્રમમાં મોદીનું નિવેદન

રાજનીતિમાં અસ્પૃષ્યતાને કોઇપણ સ્થાન નથી : મોદી

જમ્મુ,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે જમ્મુ કાશ્મીર પહોંચ્યા હતા. ગિરધારીલાલ ડોગરા શતાબ્દી સમારોહમાં દામાદવાદ ઉપર પ્રહારો કરતા મોદીએ કહ્યું હતું કે, ગિરધારીલાલ ડોગરા પાસે વ્યક્તિઓની ખુબ સારી ઓળખવાની શક્તિ રહી હશે. કારણ કે, તેઓએ ગુલામ નબીને યુવા મોરચાના અધ્યક્ષ બનાવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, અરુણ જેટલીની વિચારધારા અને ગિરધારીલાલ ડોગરાની વિચારધારામાં કોઈ એક સમાનતા ન હતી પરંતુ આની વિશેષતા એ છે કે, જમાઈ સસરાના કારણે અને સસરા જમાઈના કારણે ઓળખાતા નથી. વડાપ્રધાને કહ્યું હતું કે, જો ગિરધારીલાલ ડોગરા આજે રહ્યા હોત તો અમારો વિરોધ કરવા આગળ આવ્યા હતો. પોતાના જમાઈનો પણ વિરોધ કર્યો હોત. કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યા વગર મોદીએ કહ્યું હતું કે, અરુણ જેટલીએ પોતાના સસરાના નામનો ટેકો ક્યારે પણ લીધો નથી. જમાઈ આજકાલ કયા કયા કામ કરી રહ્યા

છે તે બાબતથી તમામ લોકો વાકેફ છે. મોદીએ ગિરધારીલાલ ડોગરા અંગે કહ્યું હતું કે, રાજનીતિની કમનસીબ બાબત એ છે કે, મૃત્યુ પામ્યા બાદ ખુબ ઓછા લોકો જીવિત રહી શકે છે તેમાં ગિરધારીલાલ પણ આવી જ વ્યક્તિ છે. જાહેર જીવનમાં મર્યાદાના મહત્વની વાત કરતા તેમણે કહ્યું હતું કે, અમે કઈ વિચારધારાના છીએ તેનાથી જાહેર જીવન ચાલતું નથી. રાજનીતિમાં અસ્પૃષ્યતાને કોઈ સ્થાન નથી. દેશ માટે મરનારનું સન્માન થાય છે. જુની વિરાસતને જાળવવામાં આવે તે ખુબ જરૂરી છે. તમામ મહાન હસ્તીઓનું સન્માન કરવામાં આવે તે પણ જરૂરી છે. પરિવારવાદ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, ગિરધારીલાલ ખુબ જ શક્તિશાળી વ્યક્તિ તરીકે હતા. જમ્મુ કાશ્મીરના શક્તિશાળી નેતા તરીકે ગણાવતા તેમણે કહ્યું હતું કે, ૨૬ વખત તેઓએ બજેટ રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા કરણસિંહ, ગુલામ નબી આઝાદ પમ ઉપસ્થિતિ રહ્યા હતા. મોદીએ મોટા કાર્યક્રમમાં બોલતા ઘણા મુદ્દા પર વાત કરી હતી. જમ્મુ યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા. જમીન બિલને લઈને વિવાદમાં રહેલા વાઢેરાનો પરોક્ષરીતે ઉલ્લેખ કર્યો હતો. હળવાશના મૂડમાં મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા ખુબ સારી રીતે સમજવાની શક્તિ ધરાવતા હતા.

નેસ્લેની હાઈકોર્ટમાં રજૂઆત

ઘણી સરકારી લેબમાં ટેસ્ટ માટે પુરતા સાધનો જ નથી

નવીદિલ્હી, તા. ૧૭

સ્વીસ મહાકાય કંપની નેસ્લેએ આજે મુંબઈ હાઈકોર્ટમાં પોતાની ધારદાર રજૂઆત કરી હતી. નેસ્લેએ મુંબઈ હાઈકોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, સરકારી લેબમાં લેડની ચકાસણી કરવા માટે પુરતા સંશાધનો નથી. મેગી નૂડલ્સ ઉપર પ્રતિબંધ મુકવાના તેના ચુકાદાને લઈને દલીલો કરતા સ્વીસ કંપનીએ આ મુજબની રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કે, દિલ્હી, મહારાષ્ટ્ર, પંજાબ, આસામ, બિહાર, મધ્યપ્રદેશ તમિળનાડુ, જમ્મુ કાશ્મીર, ગુજરાત જેવા ઉત્તરાંખંડમાં મેગી નૂડલ્સ ઉપર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. ફુડ સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. લેબોરેટરી ટેસ્ટમાં જાણવા મળ્યું હતું કે, મેગી નૂડલ્સની અંદર લેડનું પ્રમાણ નક્કી કરવામાં આવેલા ધારાધોરણ કરતા પણ વધારે છે. પશ્ચિમ બંગાળ, પુણે અને દિલ્હીની લેબમાં ચકાસણી માટે પુરતી સુવિધા નથી. જ્યારે વડોદરા, રાજકોટ તથા ઉતરાખંડની લેબ લેબ ટેસ્ટ માટે એક્રીડેટેડ નથી. બે જુદી જુદી લેબ એક જ બેચમાં તપાસ કરી રહી છે અને વિરોધાભાષી પરિણામ આપી રહી છે. સેન્ટ્રલ હેલ્થ વોચડોગ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા મેગી નૂડલ્સની તમામ વેરાઈટી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મામૂલી વપરાશ માટે બિનસુરક્ષિત હોવાની વાત પણ કરવામાં આવી હતી. હોબાળો થયા બાદ નેસ્લે ઈન્ડિયા દ્વારા મેગી નૂડલ્સની નવ જુદી જુદી વેરાઈટી પરત ખેંચીનાંખી હતી.

હુર્રિયત વિરૂદ્ધ ચાર્જશીટ આખરે દાખલ થઇ ગઇ

નવી દિલ્હી,તા. ૧૭

સૈયદ અલીશાહ ગિલાનીના નેતૃત્વમાં હુર્રિયત કોન્ફરન્સના કટ્ટરપંથી જૂથ સાથે સંકળાયેલા બે નેતાઓ સામે આખરે ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવી છે. આમા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આતંકવાદી પ્રવૃત્તિ માટે ફંડની પ્રવૃત્તિમાં તેમની સંડોવણી રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈડી દ્વારા આક્ષેપ કરાયો છે કે, આ બંનેને ઈટાલીમાંથી નાણા મળી ચુક્યા છે. આ નાણાનો ઉપયોગ ત્રાસવાદી પ્રવૃત્તિને ફેલાવવા માટે કરવામાં આવી રહ્યો છે. ગિલાનીના નેતૃત્વમાં હુર્રિયત કોન્ફરન્સના સભ્ય સામે ચાર્જશીટ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કટ્ટરપંથી હુર્રિયત ઉપર અગાઉ પણ ગંભીર પ્રકારના આક્ષેપો થતાં રહ્યા છે જેમાં ત્રાસવાદી ફંડિંગ અને જમ્મુ કાશ્મીરના યુવાનોને ઉશ્કેરવાની બાબતનો સમાવેશ થાય છે. હુર્રિયત કોન્ફરન્સ ઉપર ચાંપતી નજર હાલમાં રાખવામાં આવી રહી છે.

દેશમાં મુસ્લિમોના સૌથી મોટા તહેવાર રમઝાન ઈદની ઉજવણીનો ઉમંગ નાના ભૂલકાંઓ થી માંડીને સૌ કોઈમાં છવાઈ ગયો છે. મુંબઈમાં છત્રપતિ શિવાજી ટર્મિનસને લીલા રંગના પ્રકાશથી ખાસ સુશોભિત કરવામાં આવ્યું છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

(૫) એક વ્યક્તિ પણ અહીં ટોળું બને, એવું બને!
ચીંથરુ કયારેક ઘંચોળું બને એવું બને!
કાગડો જો હિંમત કરીને જો ચાંદનીમાં ઊંડે,
તો પીંછ એકાદ દોહું બને એવું બને!
એક સાથે સૌ હરણ ના'વા પડે તો
શક્ય છે, ઝાંઝવાનાં જળ ડહોળા બને!

(૬) સાદ પાડીને મને બોલાવ,
કાં પછી હિંમત કરીને આવ'તું!

(૭) રુપ જાજરમાન સામે હોય બેઠું તો તો પછી
વેંતનું દર્પણ પણ પહોળું બને, એવું બને,
અને માછલી સાથે જ દરિયો નીકળે,
આશરો કેવળ નદીને જ હતો દરિયો
એ ય ખારો નીકળ્યો!

(૮) ક્ષણોની શિખામણ સદીને ગમે ના,
બધી વાત જળની નદીને ગમે ના,
હજી રોફ માધવ કરે તો સહી લે.
અમે એમ સમજી ઈસુને મળ્યા ના,
મુલાકાત આ પાદરીને ગમે ના!
કદી પણ બંનેના ત્રણેય લોકમાં આ,
ગઝલ હોવું એ ઠુમરીને ગમે ના!

(૯) એક છાનું દરદ છે, ફૂલ જેવું જલદ છે,
પીઠ પાછલના જખમ રૂઝતા નથી.
હાથ કોના છે ખબર નહીં
ચાંદનીની લૂ દઝાદી ગઈ મને!

(૧૦) ચેક કાગળની ઉપર અને સહી નહીં કરે,
મોરનાં પીચાં ઉપર શ્રીકૃષ્ણ સહી કરે,
જાત્રાએ નીકળ્યો છે સંઘ પક્ષીનો
અને સકલ સંઘની સરભરા પાધરી કરે.
આપણા હાથ પગ તો થાંભલા સમા
ચલાવવાનું કામ તો કોઈ સારથી કરે.
કાન દઈને સાંભળો, આયનો કશું કહે છે.
ના કરે શણગાર, એ કામ સાદગી કરશે.
હું કરું છું આ બધું એ છોડ અહમ હવે,
તું કશું કરતો નથી, સઘળું કિરતાર કરે છે!

(૧૧) એ આવ્યા નથી હજી મહેફિલમાં, ગઝલ બીજી, સરસ છે નહીં કહું!

(૧૨) જે ડરી ડરીને જગ માંડે, તે પ્રેમ શું કરે!
હરપળે જે પ્રેમથી ખાતરી કરે!

આ મહેફિલને ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી(નિ. સ. અધિકારી, ફિલિપ કલાર્ક, કલ્પેશ પટેલ, નટવર હેડાઉ, કિશોર જીકાદરા જેવા સર્જકો સાથે ઉપસ્થિત સર્વેએ નાણી, માણી અને વખાણી!

ત્યારબાદ, કડી સર્વવિદ્યાલય ધો.૧૨ના વિદ્યાર્થી - બાળ કવિ વંદન રાવલ કે જેણે બાળ કવિ તરીકે સમગ્ર ગુજરાતમાં બીજો નંબર મેળવ્યો છે. તેને તેનું માત્રા મેં છંદનું ગીત

'જીવનનો અભેદ્ય પર્વત રોજ એકલો જ ચડું છું,
માબાપ મને નથી મળ્યા, હું એકલો જ સહું છું.'

તથા શાર્દૂલ વિ. ક્રીડીત છંદના તેનું સ્વરચિત કાવ્ય શોધ રજૂ કરી, સર્વેની પ્રશંસા મેળવી. ત્યારબાદ એન.ડી. જોષી અને સ્વાતિબેન શુક્લ તથા સુમંત શાહે તેમની સ્વરચિત કૃતિઓનું વાંચન કરી સર્વેની દાદ મેળવી અને મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા આભારવિધિ કરી, આ ગઝલ પઠનની મહેફિલને વિરામ આપવામાં આવ્યો.

- દધિ

મુખ્યમંત્રી કેજરીવાલનો મત : યાદવ અને ભૂષણ પરત ફરશે તો ભારે ખુશી થશે

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે, જો અસંતુષ્ટ એએપીના નેતા યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ પાર્ટીમાં પરત ફરશે તો ખુશી થશે. એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં આમ આદમી પાર્ટીના નેતાએ કહ્યું હતું કે, અગર ઐસા હુઆ તો બહુત અચ્છા હોગા. પાર્ટી માટે તેમની વાપસી સારી રહેશે. જો કે, કેજરીવાલે ખરાબ વર્તન હોવાના અહેવાલને રદિયો આપ્યો હતો. પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ એપ્રિલ મહિનામાં એએપીમાંથી યાદવ અને ભૂષણની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. પક્ષના સ્થાપક સભ્યો અને કેજરીવાલના સમર્થકો વચ્ચે બે મહિના સુધી શાબ્દિક યુદ્ધ ચાલ્યા બાદ પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી ત્યારબાદથી યાદવ અને ભૂષણ જાહેરમાં કેજરીવાલ ઉપર આક્ષેપબાજી કરી રહ્યા છે. બંને નેતાઓ દ્વારા સ્વરાજ અભિયાનની શરૂઆત કરવામાં આવી ચુકી છે જેમાં આ બંને નેતાઓનો આક્ષેપ છે કે, એએપીને પોતાના વચન મુજબ આગળ વધવું જોઈએ અને સિદ્ધાંતો ઉપર કામ કરવું જોઈએ.

બિહારમાં ચૂંટણી માટેની પંચની તૈયારી શરૂ કરાઈ

નવી દિલ્હી,તા. ૧૭

બિહારમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તૈયારી ચાલી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ચૂંટણી પંચ બિહારમાં ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રોએ કહ્યું છે કે પંચ સપ્ટેમ્બરમાં બિહારમાં ચૂંટણી યોજવા માટે ઈચ્છુક નથી. કારણ કે આ સમય સુધી બિહારમાં મોટા ભાગે પુરનો ખતરો રહે છે. બિહાર વિધાનસભાની અવધિ ૨૯મી નવેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહી છે. બે ચૂંટણી કમીશનર નસીમ જૈદી અને અચલ કુમાર જ્યોતિ દ્વારા ઓગષ્ટના

પ્રથમ સપ્તાહમાં બિહારનો પ્રવાસ કરવામાં આવનાર છે. આ ગાળા દરમિયાન બન્ને બિહારમા તમામ પરિસ્થિતીની સમીક્ષા કરશે. ત્યારબાદ ચૂટંણીની તારીખ અંગે ફેંસલો કરવામા આવનાર છે.ભાજપ માટે બિહાર ચૂંટણી એક મોટી રાજકીય પરીક્ષા છે. આ ચૂંટણીમાં પાર્ટીની ટક્કર નિતીશ કુમાર અને લાલુ યાદવની પાર્ટીના ગઠબંધન સાથે થનાર છે. બિહારમાં હાલમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં ૨૪ પૈકી ૧૩ બેઠકો જીતીને ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો. અલબત્ત મુખ્યપ્રધાન નિતીશ કુમાર કહી ચુક્યા છે કે વિધાન પરિષદની ચૂંટણીના પરિણામોથી સામાન્ય લોકોના મુડને જાણી શકાય નહી. કારણ કે તેમાં સામાન્ય લોકો મત આપતા નથી. બિહારમાં ચૂંટણી જંગ જોરદાર હોવાથી ચૂંટણી પંચ દ્વારા પહેલાથી તૈયારી કરવામાં આવી ચુકી છે. ચૂંટણી પંચની ટીમો તૈયારીની સતત સમીક્ષા કરી રહી છે. ચૂંટણી પંચની એક ટીમ તૈયારીની સમીક્ષા માટે બિહારના પ્રવાસમાં છે. અધિકારીઓના જણાવ્યા મુજબ અંતિમ મતદાર યાદી ૩૧મી જુલાઈના દિવસે પ્રકાશિત કરવામાં આવનાર છે. ચૂંટણી પંચની ટીમ ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં બિહારની મુલાકાત લેશે. ગાળા દરમિયાન કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવી વકી છે.

ડાયાબીટીસ, ઈન્ફેક્શનની દવાને વધારે સસ્તી કરાશે

નવી દિલ્હી,તા. ૧૭

ડાયાબીટીસ, ઈન્ફેક્શન અને પાચન વિકારની સારવાર માટે મોટા પાયે ઉપયોગમાં આવતી દવાની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તમામ દવાની કિંમત ૫-૪૦ટકા સુધી સસ્તી થયા તેવી શક્યતા છે. દવાની કિંમતને મર્યાદિત કરનાર ઓથોરિટી, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝિંગ ઓથોરિટી દ્વારા ૩૯ ફોર્મ્યુલેશનના મુલ્ય નિર્ધારિત કરવાનો નિર્ણય કર્યો છે. હાલમાં જારી કરવામાં આવેલા એનપીપીએના આદેશમાં કહેવામાં આવ્યું છે કે હાઈડ્રોક્લોરાઈ, સેફોટેક્સિમ, પૈરાસિટામોલ, ડોમપેરિડોન જેવી દવાઆ કોમ્બિનેશન્સમાં સામેલ છે. આ દવા અને કોમ્બિનેશન્સની માર્કેટિંગ એબોટસ, લુપિન, કેડિલ હેલ્થકેર, સન ફાર્મા દ્વારા કરવામાં આવે છે. એનપીપીએનો આદેશ રાષ્ટ્રીય જરૂરી દવા યાદીને લઈને હમેંશા ચર્ચા રહી છે. દવાની કિંમત ખુબ ઉંચી હોવાના લઈને વારંવાર જુદી જુદી સંસ્થાઓદ્વારા રજૂઆત કરવામાં આવે છે. સાથે સાથે દવાની કિંમતને ઘટાડી દેવા માટે પણ માંગ પણ કરવામાં આવે છે. ડાયાબિટીસ , ઈન્ફેક્શનથી ગ્રસ્ત લોકોની સંખ્યા હમેંશા કુબ વધારે રહે છે જેથી આ દવાની કિંમત ઘટી જવાથી લોકોને રાહત મળી શકે છે.

ધમકી મળ્યા બાદ સુરક્ષાની સમીક્ષા કરાઈ

શ્રીશ્રી રવિશંકરને તહેરિકે તાલિબાનની ખુલ્લી ધમકી

નવી દિલ્હી,તા. ૧૭

આર્ટ ઓફ લિવિંગના સ્થાપક અને જાણીતા ધાર્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકર ઉપર પાકિસ્તાન સ્થિત તહેરિકે તાલિબાન આતંકવાદી સંગઠન તરફથી ખતરો તોળાઈ રહ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તહેરિકે તાલિબાન દ્વારા આર્ટ ઓફ લિવિંગને ટાર્ગેટ બનાવવા માટે બે પત્રો જારી કરી દીધા છે જેમાં આતંકવાદી સંગઠને રવિશંકર અને તેમના સાધકોને ટાર્ગેટ બનાવવા બ્લાસ્ટ કરવાની ચેતવણી જારી કરી છે. પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં

પરા વિસ્તારમાં આર્ટ ઓફ લિવિંગ સેન્ટર સ્થાપિત છે. ગયા વર્ષે તાલિબાન દ્વારા તેને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. ધમકી આપવામાં આવ્યા બાદ ગૃહમંત્રાલય દ્વારા શ્રીશ્રી રવિશંકરની સુરક્ષાની સમીક્ષા કરવા સત્તાવાળાઓને આદેશ કર્યો છે. સાથે સાથે તહેરિકે તાલિબાન દ્વારા મોકલવામાં આવેલા પત્રોની ચકાસણી કરવા માટે ઈન્ટેલીજન્સ સંસ્થાઓને સૂચના પણ આપી છે. શ્રીશ્રી તરીકે તેઓ મુખ્યરીતે જાણીતા છે. તેઓ ૨૦૧૨માં પાકિસ્તાન ગયા હતા અને તેમની આર્ટ ઓફ લિવિંગ મુવમેન્ટની શરૂઆત કરી હતી. તેઓએ પ્રદેશમાં શાંતિ સ્થાપિત કરવા માટે તાલિબાન સાથે વાતચીત કરવાની ઓફર પમ કરી હતી અને કહ્યું હતું કે, જુદા જુદા અભિપ્રાય ધરાવતા લોકોની અંદર સમજ શક્તિ માટે તેઓ તૈયાર છે. આ વર્ષે માર્ચ મહિનામાં શ્રી શ્રી રવિશંકરને આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ તરફથી પણ ધમકી મળી હતી. તે વખતે તેઓ મલેશિયાના પ્રવાસમાં હતા. રવિશંકરને ટાર્ગેટ બનાવવા વારંવાર ધમકી આપવામાં આવી ચુકી છે.